ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



સુરેશ પ્રા ભટ્ટ
કોલમિસ્ટ, ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૬૨૫૧



ડો. ઊર્વિ જોષી રાવલ
મો. : ૯૩૭૪૨ ૮૪૩૩૫



યજ્ઞેશ ભવાનીશંકર ગોર
મો. ૯૮૨૫૭ ૨૭૮૫૬



કેતન ભાવસાર
પૂર્વ પ્રમુખ, જુનિયર ચેમ્બર
મો. ૯૮૨૪૩ ૩૯૬૯૩



સ્મિત મહેશકુમાર મકવાણા
મો. ૮૪૦૧૮ ૩૩૭૭૯



ફલક શૈલેષકુમાર અડાલજા
મો. ૮૧૨૮૨ ૬૯૬૫૭

# પૂજ્ય છગનભા રમતોત્સવમાં એસ જી સ્કૂલના ખેલાડીઓ ઝળક્યા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શનિવારે કડી ખાતે આયોજિત પૂજ્ય છગનભા રમતોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ રમતોમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. કબડ્ડી, ૧૦૦ મીટર રેસ, ગોળા ફેંક, કરાટે, સ્કેટિંગ, રાઈફલ શૂટીંગ, લોંગ જમ્પ, બેડમિન્ટન વગેરે રમતોમાં વિજય પ્રાપ્ત કરી ચેરમેનના હસ્તે શિલ્ડ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. સૌ ખેલાડીઓને આચાર્ય અને વ્યાયમ શિક્ષકે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### ગાંધીનગર જિલ્લામાં પ્રથમ વખત

# આજે સૉફ્ટ બૉલની યુનિફાઈડ ગેઈમ યોજાશે

## સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સૅક્ટર-૧૨ના પ્લેગ્રાઉન્ડ ખાતે સવારે ૯.૩૦ કલાકે આ વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના આંગણે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે, જેમાં માનસિક વિશિષ્ટ અને સામાન્ય વ્યક્તિઓ સાથે મળીને ભાગ લઈ રહ્યા છે.

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાત, સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાત અને નવજીવન સાર્વજનિક ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપક્રમ છે સૉફ્ટ બૉલની યુનિફાઈડ ગેઈમનો.

યુનિફાઈડ ગેઈમ એટલે એવી ગેઈમ જેમાં વિશિષ્ટ અને સામાન્ય એમ બંને પ્રકારના ખેલાડીઓ સાથે ભાગ લઈ રહ્યા હોય. અહીં આ રમતમાં પણ જિલ્લાના માનસિક વિશિષ્ટ ખેલાડીઓની સાથે તેમના પાંચ પ્રશિક્ષકો અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનની ગુજરાત કચેરીના પાંચ સ્ટાફ મૅમ્બર્સ ટીમમાં જોડાશે. બંને ટીમમાં સરખે હિસ્સે વિશિષ્ટ અને સામાન્ય ખેલાડીઓ વહેંચવામાં આવશે અને પછી બંને ટીમ વચ્ચે ફ્રેન્ડલી મેચનો પ્રારંભ કરવામાં આવશે.

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સૅક્ટર-૧૨ના પ્લેગ્રાઉન્ડ ખાતે સવારે ૯.૩૦ કલાકે આ વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે અતિથિ તરીકે રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાત કચેરીના સંયુક્ત નિયામક ડી ઍસ પટેલ અને સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતના વાઈસ ચૅરમૅન ડૉ. ડી જી ચૌધરી ઉપસ્થિત રહેશે.

ગેઈમ સંપન્ન થયા બાદ સ્પેશિયલ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ ઈનામો પ્રાપ્ત કરનાર અને શિક્ષા અભિયાન અંતર્ગત આવરી લેવાયેલા અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ રમતોત્સવમાં ઝળકેલા વિશિષ્ટ ખેલવીરોનું સન્માન પણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં આ પ્રકારની ગેઈમ પ્રથમ વખત અને સંભવતઃ રાજ્યમાં પણ પ્રથમ વખત યોજાઈ રહી છે ત્યારે નગરના ખેલપ્રેમીઓમાં આ ગેઈમને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

## ડાયરેક્ટ ❤ સે

હા, થાકી જવાય છે
કામ કરતાં-કરતાં
પણ શું કરીએ?
ઈચ્છાઓની ઑફિસમાં
રવિવારની રજા નથી હોતી!

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
દંગલ
૧૧.૩૦. ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫
ડિયર જિંદગી
૩.૪૫
કહાની-૨
૯.૪૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
૩.૩૦, ૧૦.૦૦
દંગલ
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
દંગલ
૯.૩૦
બેફિકરે
૬.૪૫
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦

# શેઠ સી એમ હાઈસ્કૂલમાં કૅશલેસ વ્યવહારો અંગે માર્ગદર્શન અપાયું



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને ડેપ્યુટી કલેક્ટરની કચેરી તથા શેઠ સી. એમ. હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે લોકોને મોબાઈલ દ્વારા નાણાકિય લેવડ દેવડ કરવાની સમજૂતિ આપવામાં આવી હતી. વધુને વધુ લોકો ઈ વોલેટ, આધારકાર્ડ અને ક્રેડીટ કે ડેબીટકાર્ડનો ઉપયોગ કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં છાત્રો, વાલીઓ, શાળાના કર્મચારીઓ વગેરેએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમનો લાભ લીધો હતો. ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને અન્ય લોકોને ફિલ્મ નિદર્શન દ્વારા આ બાબતની જાણકારી અપાઈ હતી. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી બારડ સાહેબે સંબોધન કરી વધુને વધુ પ્રમાણમાં ઈ-મની ટ્રાજેક્શન માટે તૈયાર થવા અને ઈ-બેન્કિંગ સિસ્ટમનો લાભ લેવા જણાવ્યું હતુ. પ્રાંત ઓફિસર શ્રી વ્યાસ સાહેબે સુશાસન દિવસ, ઈ-ગવર્નન્સ અને કેશલેશ વ્યવહારો અને માર્ગદર્શન આપ્યું હતું.

શેઠ સી.એમ. હાઈસ્કૂલના આચાર્યશ્રી બચુભાઈ પટેલે સર્વને આવકારી આજના કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું. વધુને વધુ યુવાનો ગ્રામ્ય વિસ્તારના લોકોને કેશલેશ વ્યવહારો માટે તૈયાર કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીમતી આર. એન. પ્રાઈમરી સ્કૂલના આચાર્ય ડી. કે પટેલ, એ ડી.આઈ. કે.વી.ગજ્જર, વી.યુ. ટીલવા, સંસ્થાના શ્રી જગદીશ ઉપાધ્યાય, જે. કે. પટેલ, અને અન્ય કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા. કેશલેસ સિસ્ટમ અને ઈ-બેન્કિંગ વ્યવહારો ઝડપી અને સલામત હોવાનો સહુને અહેસાસ થયો હતો. દરેક યુવાનો ઓછામાં ઓછા પાંચ લોકોને આ પદ્ધતિ શીખવશે તેવી પ્રતિજ્ઞા પણ લીધી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૫ના ૨૯૮ વિદ્યાર્થીઓ માટે શાળામાંથી ભાદોલ ગામના ખેતરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતના માધ્યમથી વિદ્યાર્થીઓએ ખેડૂત ભાઈઓના જીવન સાથે ખેતીનાં ઓજારો, જમીનનું બંધારણ, જમીનના પ્રકાર, કુદરતી અને કૃત્રિમ ખાતરના લાભાલાભ અને વિવિધ પાક વિશેની ઉપયોગી, શૈક્ષણિક માહિતી પ્રાપ્ત કરી હતી. સાથે-સાથે રૂપાલ ખાતે શ્રી વરદાયિની માતાનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી વિદ્યાર્થીઓને ખેતી વિષયક રસપ્રદ માહિતી આપનાર ભાદોલ ગામના ખેડૂત પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# વાવોલ હાઈસ્કૂલમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

## નટવર હેડાઉ - અમરસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા

વાવોલ, તા.૨૭

શ્રી એમ.બી.પટેલ હાઈસ્કૂલ વાવોલના સ્વર્ણ જંયતિ ઉત્સવના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે રંગોળી, ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ જાણીતા પત્રકાર પૃથ્વી શાહના હસ્તે આપવાની વ્યવસ્થા કરાઈ હતી. રંગોળી સ્પર્ધાની વિજેતા બહેનો અને ચિત્રસ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપવાનો કાર્યક્રમ જાણીતા સાહિત્યકાર નટવરભાઈ હેડાઉ અને વાવોલના અગ્રણી અમરસિંહભાઈ ગોલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આચાર્ય બળદેવભાઈ પટેલ દ્વારા આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### ‘મારી જીવન પ્રેરણા’

# અહંકારી વ્યક્તિનું ઋણ શાહુકારના ઋણ જેવું હોય છે

**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

આપણે સૌ મહાભારતની કથા જાણીએ છીએ. અર્જુને એક ભૂલ કરી અને એ ભૂલના પ્રાયશ્ચિતરૂપે, પાંચેય પાંડવો અને દ્રૌપદીની સમજૂતી મુજબ અર્જુનને એક વર્ષનો વનવાસ વેઠવો પડ્યો હતો. અર્જુનના એક વર્ષના વનવાસ દરમ્યાન દ્રૌપદી ખૂબ જ ઉદાસ રહેતા હતા. દ્રૌપદીના મનપરિવર્તન માટે એને તેને ખુશ રાખવા માટે તેની સખીઓ દ્રૌપદીને જંગલમાં યમુનાતીરે લઈ જાય છે. જેથી કરીને વનની શોભા, શાંત પ્રકૃતિ અને યમુનાના વહેણ દ્રૌપદીના અશાંત મનને શાંતિ અર્પી શકે. યમુના તટે સખીઓ દ્રૌપદીને જળક્રીડા માટે આગ્રહ કરીને નદીમાં ખેંચી જાય છે. જળક્રીડા દરમ્યાન દ્રૌપદી વિચારોમાં ખોવાઈ જાય છે અને સાનભાન ભૂલી યમુનાની જલધારામાં વહેવા લાગે છે. વહેતા વહેણમાં દ્રૌપદી સખીઓથી ખૂબ જ દૂર નીકળી જાય છે. પછી દ્રૌપદી પોતે પોતાના નિયંત્રણમાં નથી રહી શકતા. પોતાનો દેહ અવશ અને શક્તિહીન થઈ જાય છે ત્યારે દ્રૌપદી પોતાના ભાગ્યને યમુનાના ભરોસે છોડી દે છે. તેને લાગે છે કે પોતાનું મૃત્યુ નિકટ આવી રહ્યું છે.

તે સંધ્યાકાળ નો સમય હતો. યમુનાજળમાં સંધ્યા સ્નાન કરીને અસ્તાચલે જતાં સૂર્યને પ્રણામ કરતાં કર્ણની નજર યમુનામાં તણાઈ જતા વિવશ દ્રૌપદી ઉપર પડે છે. કર્ણ પાણીમાં છલાંગ લગાવીને દ્રૌપદીને બહાર ખેંચી તેનો જીવ બચાવે છે. ત્યાર પછી કર્ણ પોતાના રથમાં બેસાડીને દ્રૌપદીને ઈન્દ્રપ્રસ્થના રાજપ્રાસાદે મૂકી આવે છે. તે દરમયયાન કર્ણ દ્રૌપદીને કહે છે કે પોતાનું એ પરમ સૌભાગ્ય છે જે પોતાને દ્રૌપદીના જીવનની રક્ષા કરવાનો અવસર મળ્યો. પોતાને ડર હતો કે સૂતપુત્ર જાણીને પોતાની મદદને ઠોકર મારીને દ્રૌપદી મૃત્યુની પસંદગી કરશે.



આ પ્રસંગ પછી દ્રૌપદીના મનમાં સતત એક ડંખ રહ્યા કરતો. દ્રૌપદી એવું માણવા લાગ્યા કે અકૃતજ્ઞતા માણસને પશુ બનાવી દે છે. દ્રૌપદીના મનમાં કર્ણના ઉપકારનો સતત ભાર રહ્યા કરતો. દ્રૌપદી વિચારતા કે કર્ણનું જીવન બચાવવાનો કોઈવાર અવસર મળે તો પોતાના મન ઉપરથી એક મોટા ઋણનો બોજો ઉતારી જાય. દ્રૌપદી સતત ચિંતિત રહેતા અને એનું મન સતત ઉદ્વેગમાં રહ્યા કરતું. દ્રૌપદી તો ત્યાં સુધી તૈયાર હતા કે પોતાના જીવનના બદલામાં પણ કર્ણનું રક્ષણ કરીને પોતે ઋણ મુક્ત થઈ જાય.

વ્યક્તિ ઉપર કોઈ ઉપકાર કરે, એક પ્રકારનું ઋણ ચડાવે ત્યારે એ ઋણ નો ભાર ખરેખર કષ્ટદાયક, દુઃખદાયક અને વેદના આપનાર હોય છે. બહુ ઓછી વ્યક્તિઓ ઋણભાર સહજતાથી સહન કરી શકતી હોય છે. ઋણભાર વ્યક્તિના મનને સતત પીડા આપે છે, વ્યક્તિના મનને સતત પજવે છે અને વ્યક્તિ પોતાના ઉપરનું ઋણ ના ઉતરે ત્યાં સુધી અજંપભરી સ્થિતિમાં જીવે છે.

વ્યક્તિ ઉપર કોઈપણ પ્રકારનો ઉપકાર કરનાર માણસ જો અહંકારી અને અભિમાની હોય તો એ વ્યક્તિના યાતનાદાયક હોય છે. ઉપકાર કરનાર અહંકારી વ્યક્તિ પોતાને જ્યારે જ્યારે તક મળે ત્યારે જે વ્યક્તિ ઉપર ઉપકાર કર્યો હોય તેને, પોતે ઉપકાર કર્યો છે એવું યાદ અપાવે છે. એ વ્યક્તિ સતત એવી તક શોધતી જ રહે છે. આવી પરિસ્થિતિમાં અહંકારી વ્યક્તિનો ઋણભાર તો ઠીક, તેની ઉપસ્થિતિ પણ વ્યક્તિમાટે ભારરૂપ બને છે.

અહંકારી વ્યક્તિ જ્યારે કોઈ પણ પ્રકારના દાન આપે છે, શખાવત કરે છે, કોઈ ને કોઈ પણ પ્રકારની આર્થિક મદદ કરે છે, કોઈ ને સામાજિક રીતે ઉપયોગી થાય છે, કોઈની કારકિર્દી ઘડવામાં ટેકારૂપ બને છે, કોઈને કોઈ પ્રકારની મુશ્કેલીઓમથી હેમખેમ પાર ઉતરે છે, કોઈની આપતી સમયે તેની પડખે ઊભી રહે છે, કોઈ ને મૃત્યુના મુખમાંથી બચાવે છે ત્યારે તેનો અહંકાર વધારે ઊંચો ચડે છે. એક અહંકાર તો હોય છે, તેમાં કોઈને મદદ કરવાનો બીજો અહંકાર ઉમેરાય છે. આમ અહંકાર બેવડાય છે એટલે અહંકાર નો પારો વધારે ઊંચો છેડે છે. અહંકાર એક કેફ છે, જે ક્યારેય ઉયતરતો નથી. આ પ્રકારની અહંકારી વ્યક્તિએ જે જે વ્યક્તિઓને મદદ કરી હોય એ બધી જ વ્યક્તિઓ પોતાના ઋણભાર નીચે દબાઈ ને જ રહે એવું તે ઈચ્છતી હોય છે. જે વ્યક્તિ આવા અહંકારી વ્યક્તિના ઋણભરથી દબાયેલી કે કચડાયેલી હોય, તે પોતાનું ઋણ ચૂકવવા માટે વિવશ થઈ જાય છે. તે દ્રૌપદીની જેમ એવું ઈચ્છે છે કે ભલે મોત આવે, મૃત્યુના બદલામાં પણ જો અહંકારી વ્યક્તિનું ઋણ ચૂકવાઈ જતું હોય તો એ પણ તેને માન્ય હોય છે.

અહંકારી વ્યક્તિનું ઋણ ચૂકવાઈ જાય પછી પણ, તેનો અહંકાર તો કાયમ જ રહે છે. અહંકારી વ્યક્તિ એવું જ માને છે કે પોતે ઉપકાર કર્યો છે અને પોતે કરેલા ઉપકાર થકી જ પોતે જેને મદદ કરી છે એ વ્યક્તિ નું અસ્તિત્વ ટકી રહ્યું છે. આમ વ્યક્તિ ધારે તો પણ અહંકારી વ્યક્તિનું ઋણ પોતે ચૂકવી શકતી નથી કારણ કે અહંકારી વ્યક્તિનું ઋણ શાહુકાર ના ઋણ જેવુ હોય છે જે ક્યારેય ચૂકતે થઈ શકતું નથી.

દ્રૌપદી અને પાંડવોના બાર વર્ષના વનવાસ દરમાયન તેઓ કામ્યક વનમાં વાસ કરતાં હતા તે સમયનો એક પ્રસંગ છે. એક દિવસ કર્ણ વનમાં મૃગયા માટે આવે છે અને કોઈ ઝેરી સર્ પના દંશથી બેભાન જાય છે. શબર જાતિના વનવાસી લોકો દ્વારા દ્રૌપદીને સમાચાર મળે છે કે કોઈ યુવાનને સર્પે દંશ દીધો છે. યુવાન જીવન મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે. દ્રૌપદી કેટલાક યુવાનો સાથે ઘટનાસ્થળે જાય છે. કર્ણને ઓળખે છે. કર્ણની હાલત જોઈ દ્રૌપદીનું નારીહૃદય દ્રવી ઊઠે છે. એ સમયે દ્રૌપદી એ ભૂલી જાય છે કે કર્ણ પાંડવોના શત્રુ છે. દ્રૌપદી મંત્રોચ્ચાર કરીને કાલસર્પને આહ્વાન કરે છે. કાળસર્પ ઉપસ્થિત થઈ ડંખ ઉપર ફેણ મૂકીને ઝેર ચૂસી લે છે. થોડીવાર પછી કર્ણ ભાનમાં આવે છે. કર્ણ આંખ ખોલે એ પહેલા જ દ્રૌપદી ત્યાથી ચાલ્યા જાય છે જેથી કર્ણને એ વાતનો ખ્યાલ ના આવે કે પોતાનો જીવ બચાવનાર દ્રૌપદી હતા. દ્રૌપદીના આ પ્રકારના વ્યવહારનું કારણ એ હતું કે દ્રૌપદી દ્રઢપણે માનતા હતા કે અહંકારી વ્યક્તિની કૃતજ્ઞતા પણ અહંકાર વગરની ના હોય. તેનો ભાર વહેવો દ્રૌપદીની શક્તિ બહારની વાત હતી. કર્ણ દ્રૌપદીના જીવન દાતા હતા. કર્ણનો જીવ બચાવીને દ્રૌપદીએ ઋણ ચૂકવી દીધું. દ્રૌપદીને કોઈ જ પ્રકારની કૃતજ્ઞતાની જરુર ન હતી.

આપણે જ્યારે કોઈ પણ વ્યક્તિ ઉપર, કોઈ પણ પ્રકારનો ઉપકાર કરીએ ત્યારે જો વધારે નમ્ર બની શકીએ, વધારે સૌમ્ય બની શકીએ, વધારે વિવેકી બની શકીએ, આપણાં અહંકારને એક બાજુ મૂકીને વ્યવહાર કરી શકીએ તો જે વ્યક્તિ ઉપર આપણે ઉપકાર કર્યો છે એ વ્યક્તિને આપના ઋણભારથી કચડાતી, પીડાતી બચાવી શકીશું. વ્યક્તિ ઉપર ઉપકાર કરીને પછી તે વ્યક્તિને આપણાં ઋણભારનો સતત એહસાસ કરાવતા રહીએ તો આપણે કરેલા ઉપકારના કાર્યો અર્થહિન બની જાય છે.

કોઈ વ્યક્તિ ઉપર ઉપકાર કરીએ એટલે એ વ્યક્તિ સાથેના સંબંધો વધુ દ્રઢ બનતા હોય છે ઉપકાર કારનાર વ્યક્તિનો વ્યવહાર અને વર્તન થકી જ બંને પક્ષના સંબંધો નક્કી થતાં હોય છે. ઉપકાર કરનાર વ્યક્તિ જો ઉપકાર કર્યાનો પોતાનો અહંકાર અને ઘમંડ ના છોડે તો એ સંબંધો વધુ દ્રઢ બનવાને બદલે વધારે બગડે છે. ઉપકાર કરનાર વ્યક્તિનો દ્રૌપદી જેવો વ્યવહાર બંનેના સંબંધો ને ટકાવી શકે છે જ્યારે કર્ણ જેવો વ્યવહાર બંનેના સંબંધો ને બગડી પણ શકે છે. આપણો વ્યવહાર દ્રૌપદી જેવો રાખવો કે કર્ણ જેવો રાખવો એ આપણે નક્કી કરવાનું છે.